લઘુ-ગુરુ છૂટ : ઉદાહરણ સહિત વિસ્તૃત સમજ

(ઉદય શાહ)

ગઝલમાં લઘુ-ગુરુમાં લેવાતી છૂટના અભ્યાસ માટે ગઝલના જે છંદોમાં બે સ્પષ્ટ લઘુ (બંને લઘુનું સ્વર સહિત ઉચ્ચારણ) પ્રયોજાતા હોય એવા છંદોની ગઝલોનો અભ્યાસ કરવો જોઈએ. અહીં ગઝલમાં લઘુ-ગુરુમાં લેવાતી છૂટના ઉદાહરણ રૂપે બે સ્પષ્ટ લઘુના પ્રયોગવાળા જે બે છંદોની રચનાઓ પ્રસ્તુત કરવાનો છું એ છંદોનું વિવરણ અહીં પ્રસ્તુત છે. આ છંદોની સંધિ અરૂઝ મુજબ, રામનારાયણ પાઠક કૃત 'બૃહત્ પિંગલ' અને રઈશ મનીઆર કૃત 'ગઝલનું છંદોવિધાન' મુજબ તથા મારા પુસ્તક 'ગઝલનું છંદશાસ્ત્ર' મુજબ જુદી-જુદી છે. અહીં હું ત્રણેય મુજબ સંધિ દર્શાવીશ કે જેથી આપને એ સમજવામાં અનુકૂળતા રહે કે ભલે સંધિ જુદી-જુદી છે પરંતુ છંદ એક જ છે. 'ગઝલનું છંદશાસ્ત્ર' મુજબની સંધિમાં ઉપર ટપકું મુખ્ય પદ્યભાર અને નીચે ટપકું ગૌણ પદ્યભાર સૂચવે છે.

(૧)

A અરૂઝ :-

ગાગાલ ગાલગાલ લગાગાલ ગાલગા

B બૃહત્ પિંગલ અને ગઝલનું છંદોવિધાન :-

ગા ગાલગાલ ગાલલગા ગાલગાલ ગા

C ગઝલનું છંદશાસ્ત્ર :-

ગાગાં લગ઼ાલગાં લલ઼ગાગાં લગ઼ાલગાં

અનુક્રમે 'લલ઼ગાગાં' અને 'લગ઼ાલગાં' સંધિના મિશ્ર સ્વરૂપના (લલ઼ગાગાં લગ઼ાલગાં) બે આવર્તનોનો પ્રયોગ કર્યા બાદ પહેલી સંધિના પહેલા બંને લઘુનો લોપ કરવાથી આ છંદની રચના થાય છે.

અબ ક્યા મિસાલ દૂં મૈં તુમ્હારે શબાબ કી
મિલતી હૈ ઝિન્દગી મેં મુહબ્બત કભી-કભી

(૨)

A અરૂઝ :-

ગાગાલ લગાગાલ લગાગાલ લગાગા

B બૃહત્ પિંગલ અને ગઝલનું છંદોવિધાન :-

ગા ગાલલગા ગાલલગા ગાલલગા ગા

C ગઝલનું છંદશાસ્ત્ર : ગાગાં લલ઼ગાગાં લલ઼ગાગાં લલ઼ગાગાં

'લલ઼ગાગાં' સંધિનાં ચાર આવર્તનોનો પ્રયોગ કરી પહેલા આવર્તનના પહેલા બંને લઘુનો લોપ કરવાથી આ છંદની રચના થાય છે.

બીતે હુએ લમ્હોં કી કસક સાથ તો હોગી

લઘુ-ગુરુના પ્રયોગમાં લેવાતી છૂટની ચર્ચામાં 'મરીઝ'ની ચાર ગઝલોના કેટલાંક શેરોનો સમાવેશ કરવામાં આવ્યો છે તથા એ દરેકનું ગણવિભાજન પણ પ્રસ્તુત કર્યું છે. જ્યાં ગુરુને લઘુ ગણવાની કે લઘુને ગુરુ ગણવાની છૂટ લીધી હોય એનું વિવરણ જે તે ગઝલના ગણવિભાજન પછી પ્રસ્તુત કર્યું છે.

લઘુ-ગુરુ વિસ્તૃત સમજ

લ = લઘુ = ૧ માત્રામાં ઉચ્ચારણ

ગા = ગુરુ = ૨ માત્રામાં ઉચ્ચારણ

લઘુ સ્વર = અ, ઇ, ઉ, ઋ

ગુરુ સ્વર = આ, ઈ, ઊ, એ, ઐ, ઓ, ઔ, અં, અ:

લઘુ સ્વર અને લઘુ સ્વરયુક્ત વ્યંજન લઘુ ગણાય છે તથા ગુરુ સ્વર અને ગુરુ સ્વરયુક્ત વ્યંજન ગુરુ ગણાય છે. આમ છતાં જે લઘુનો દીર્ઘ ઉચ્ચાર કર્ણકટુ ન લાગતો હોય એ લઘુને ગુરુ ગણવાની તથા જે ગુરુનો હ્રસ્વ ઉચ્ચાર કર્ણકટુ ન લાગતો હોય એ ગુરુને લઘુ ગણવાની છૂટ લઈ શકાય છે. માત્રામેળ છંદોમાં એક ગુરુના સ્થાન પર બે લઘુ પણ લઈ શકાય છે પરંતુ બે લઘુના સ્થાન પર એક ગુરુ લઈ શકાતો નથી. એક ગુરુના સ્થાન પર બે લઘુનો પ્રયોગ નીચે મુજબ બે રીતે કરી શકાય.

'લલ' સ્વરૂપ = સ્પષ્ટ ઉચ્ચારવાળા બે લઘુ = બંને લઘુનું સ્વર સહિત ઉચ્ચારણ.
(કવિ, તિથિ, તરૂ, પુરૂ, વિભુ, ધુનિ.)
'લલ્' સ્વરૂપ = સંયુક્ત ઉચ્ચારવાળા બે લઘુ = પહેલા લઘુનું સ્વર સહિત અને બીજા લઘુનું હલન્ત ઉચ્ચારણ.
(મન, દિલ, ખુશ, ક્રમ, સ્મિત.)

અનુભવ = અનુ+ભવ્ = લલ+લલ્ = લલગા

ગઝલના છંદોમાં 'લલ્' સ્વરૂપના બે લઘુનો પ્રયોગ કોઈપણ ગુરુના સ્થાન પર કરી શકાય છે જ્યારે 'લલ' સ્વરૂપના બે લઘુનો પ્રયોગ છંદના મુખ્ય અને ગૌણ પદ્યભારવાળા ગુરૂના સ્થાન પર તથા છંદના છેલ્લા ગુરુના સ્થાન પર કરી શકાય નહીં જ્યારે આપણા ભારતીય માત્રામેળ છંદોમાં મોટેભાગે છંદના છેલ્લા ગુરુ સિવાયના કોઈપણ ગુરુના સ્થાન પર 'લલ્' અને 'લલ' બંને સ્વરૂપના બે લઘુ પ્રયોજી શકાય છે.

જોડાક્ષરોમાં જોડાક્ષરનો થડકાર જે અક્ષર પર લાગતો હોય એ અક્ષર લઘુ હોય તો પણ થડકારને કારણે ગુરુ જ ગણાશે. જોડાક્ષરનો થડકાર જોડાક્ષર પહેલાના અક્ષર પર લાગતો હોય એવા શબ્દો જેમકે નિત્ય=ગાલ, ભક્તિ=ગાલ, કર્તવ્ય=ગાગાલ, વ્યગ્ર=ગાલ, વ્યવ્હાર=ગાગાલ. જોડાક્ષરનો થડકાર જોડાક્ષર પછીના અક્ષર પર લાગતો હોય એવા શબ્દો જેમકે, રહ્યું=લગા, સહ્યાં=લગા, કર્યા=લગા. જે શબ્દોની શરૂઆત જ જોડાક્ષરથી થતી હોય એ શબ્દોમાં પહેલા જોડાક્ષરવાળા અક્ષરના સ્વરના આધારે એનું લઘુ-ગુરુ માપ નક્કી થશે; જેમકે વ્યથા=લગા, વ્યવસ્થા=લગાગા, સ્વતંત્રતા=લગાલગા, ક્રિયા=લગા, પ્રેમ=ગાલ, પ્રીત=ગાલ.

બધા જ અકારાંત દ્વિલઘુઅક્ષરીય શબ્દોમાં બીજા લઘુનો ઉચ્ચાર હલન્ત થતો હોવાથી એ બધાં 'ગા' સ્વરૂપે જ પ્રયોજાય છે, લલ સ્વરૂપે નહીં. જેમકે કર, ભર, તર, તન, મન, ધન, દિલ, શિવ, હિત, ચિત, કુલ, ખુશ, ગુલ, મૃત, ગૃહ વગેરે.

લગભગ બધા જ અકારાંત ત્રિલઘુઅક્ષરીય શબ્દોમાં ત્રીજા લઘુનો ઉચ્ચાર હલન્ત થતો હોવાથી એ બધાં 'લગા' સ્વરૂપે જ પ્રયોજાય છે. જેમકે ગઝલ, કમલ, નયન, નજર, અમન, ચમન, દિવસ, જિગર, જટિલ, તિમિર, જુલમ, ચતુર, મુકુટ, નિપુણ, પુનિત, વિકૃત, તૃષિત, પ્રથમ વગેરે.

(૧)
(છંદ : ગાગાં લગા઼લગાં લલ઼ગાગાં લગા઼લગાં)
બસ એટલી સમજ મને પરવરદિગાર દે;
સુખ જ્યારે જ્યાં મળે ત્યાં બધાના વિચાર દે.
માની લીધું કે પ્રેમની કોઈ દવા નથી;
જીવનના દર્દની તો કોઈ સારવાર દે.
તે બાદ માંગ મારી બધીયે સ્વતંત્રતા;
પહેલાં જરાક તારી ઉપર ઈખ્તિયાર દે.
- મરીઝ

ગણવિભાજન :-

ગા	ગાં	લ	ગા઼	લ	ગાં	લ	લ઼	ગા	ગાં	લ	ગા઼	લ	ગાં
બસ	એ	ટ	લી	સ	મજ	મ	ને	પર	વર	દિ	ગા	ર	દે
સુખ	જ્યા	રે	જ્યાં	મ	ળે	ત્યાં	બ	ધા	ના	વિ	ચા	ર	દે
મા	ની	લી	ધું	કે	પ્રે	મ	ની	કો	ઈ	દ	વા	ન	થી
જી	વન	ના	દર્	દ	ની	તો	કો	ઈ	સા	ર	વા	ર	દે
તે	બા	દ	માં	ગ	મા	રી	બ	ધી	યે	સ્વ	તં	ત્ર	તા
પહે	લાં	જ	રા	ક	તા	રી	ઉ	પર	ઇખ્	તિ	યા	ર	દે

લઘુ-ગુરુ છૂટ :-
મને=લલ, જ્યારે=ગાલ, ત્યાં=લ.
લીધું=લગા, કે=લ, પ્રેમની=ગાલલ, જીવનના=ગાગાલ, તો=લ, કોઈ=લગા.
મારી=ગાલ, પહેલાં=ગાગા, તારી=ગાલ.

‘સૌ’ સિવાયના લગભગ બધાં જ એકાક્ષરી ગુરૂ શબ્દોને અને બધાં જ પ્રત્યયોને ગુરૂ ઉપરાંત લઘુ સ્વરૂપે પણ પ્રયોજી શકાય છે. જેમકે હું, તું, જે, કે, છું, હા, ના, નો, ની, નું, થી, એ, ઓ, માં, મેં, તેં, ત્યાં, ક્યાં, જ્યાં વગેરે.

અને, તને, મને, પડે, જડે વગેરે જેવાં દ્વિઅક્ષરી ‘લગા’ સ્વરૂપના શબ્દો છૂટ લઈને ‘લલ’ સ્વરૂપે પણ પ્રયોજી શકાય છે.

દ્વિઅક્ષરી ‘ગાગા’ સ્વરૂપના શબ્દ ‘કોઈ’નો પ્રયોગ છૂટ લઈને ‘ગાલ’, ‘લગા’ અને ‘લલ’ સ્વરૂપે પણ કરી શકાય છે.

પહેલાં, રહેવા, વહેવા, કહેવા, સહેવા વગેરે શબ્દો ‘લગાગા’ સ્વરૂપના હોવા છતાં ‘ગાગા’ સ્વરૂપે પણ પ્રયોજી શકાય છે. એ જ રીતે નહીં, અહીં, કહી, રહી, થઈ, ગઈ, લઈ, જઈ, કઈ, કંઈ દઉં, લઉં વગેરે શબ્દો ‘લગા’ સ્વરૂપના હોવા છતાં ‘ગા’ અને ‘લલ’ સ્વરૂપે પણ પ્રયોજી શકાય છે.

(૨)
(છંદ : ગાગાં લગા઼લગાં લલ઼ગાગાં લગા઼લગાં)
બસ દુર્દશાનો એટલો આભાર હોય છે;
જેને મળું છું મુજથી સમજદાર હોય છે.
ટોળે વળે છે કોઈની દીવાનગી ઉપર;
દુનિયાના લોક કેવા મિલનસાર હોય છે.
દાવો અલગ છે પ્રેમનો દુનિયાની રીતથી;
એ ચૂપ રહે છે જેને અધિકાર હોય છે.
- મરીઝ

ગણવિભાજન :-

ગા	ગાં	લ	ગા઼	લ	ગાં	લ	લ઼	ગા	ગાં	લ	ગા઼	લ	ગાં
બસ	દુર્	દ	શા	નો	એ	ટ	લો	આ	ભા	ર	હો	ય	છે
જે	ને	મ	ળું	છું	મુજ	થી	સ	મજ	દા	ર	હો	ય	છે
ટો	ળે	વ	ળે	છે	કો	ઈ	ની	દી	વા	ન	ગી	ઉ	પર
દુનિ	યા	ના	લો	ક	કે	વા	મિ	લન	સા	ર	હો	ય	છે
દા	વો	અ	લગ	છે	પ્રે	મ	નો	દુનિ	યા	ની	રી	ત	થી
એ	ચૂપ	ર	હે	છે	જે	ને	અ	ધિ	કા	ર	હો	ય	છે

લઘુ-ગુરુ છૂટ :-
દર્દશાનો=ગાલગાલ, એટલો=ગાલલ, છું=લ, મુજથી=ગાલ.
છે=લ, કોઈની=ગાલલ, દુનિયાના=ગાગાલ, કેવા=ગાલ.
છે=લ, પ્રેમનો=ગાલલ, દુનિયાની=ગાગાલ, ચૂપ=ગા, છે=લ, જેને=ગાલ, અધિકાર=લગાગાલ.

એટલો, એટલે, કેટલો, કેટલે, જેટલો, રોટલો, ઓટલો વગેરે શબ્દોનું સ્વરૂપ 'ગાલગા' હોવા છતાં છૂટ લઈને 'ગાલલ' સ્વરૂપે પણ પ્રયોજી શકાય છે. ઘણાં શબ્દોમાં અંત્ય ગુરુને લઘુ તરીકે પ્રયોજવાની છૂટ લેવાયેલી જોવા મળે છે.

દુનિયા, દરિયા, બુઢિયા, ગુડિયા વગેરે શબ્દોમાં છેલ્લા અક્ષરમાં 'ય' પ્રયોજાયો છે અને એનાં પહેલાંનો એટલે કે બીજો અક્ષર હ્રસ્વ 'ઇ' યુક્ત છે. આ પ્રકારના શબ્દોમાં હ્રસ્વ 'ઇ' એનાં પછીના 'ય' સાથે સંયુક્ત રીતે ઉચ્ચારાઈ જતો હોવાથી એ શબ્દો મોટેભાગે 'ગાગા' સ્વરૂપે જ પ્રયોજાયેલા જોવા મળે છે.

એમાં, એનાં, એની, એનું, તેનાં, તેની, તેનું, તારાં, તારી, તારું, મારાં, મારી, મારું, એવા, એવી, એવું, કેવાં, કેવી, કેવું, જેવાં, જેવી, જેવું વગેરે દ્વિઅક્ષરી 'ગાગા' સ્વરૂપના શબ્દો છૂટ લઈને 'ગાલ' સ્વરૂપે પણ પ્રયોજી શકાય છે. મારા મત મુજબ આ પ્રકારના દ્વિઅક્ષરી 'ગાગા' સ્વરૂપના શબ્દો છૂટ લઈને 'લલ' અને 'લગા' સ્વરૂપે પણ પ્રયોજવાથી લય તૂટતો નથી.

(3)
(છંદ : ગાગાં લગા઼લગાં લલ઼ગાગાં લગા઼લગાં)
બસ એક વાર મોજ લૂંટી મન રહ્યું નહીં;
જીવનમાં પ્રેમ દર્દ ફરીથી સહ્યું નહીં.
સૌને કહું છું ધ્યાન તમારું જ છે મને;
કરજો ક્ષમા કે ધ્યાન તમારું રહ્યું નહીં.
- મરીઝ

ગણવિભાજન :-

ગા	ગાં	લ	ગા઼	લ	ગાં	લ	લ઼	ગા	ગાં	લ	ગા઼	લ	ગાં
બસ	એ	ક	વા	ર	મો	જ	લૂં	ટી	મન	ર	હ્યું	ન	હીં
જી	વન	માં	પ્રે	મ	દર્	દ	ફ	રી	થી	સ	હ્યું	ન	હીં
સૌ	ને	ક	હું	છું	ધ્યા	ન	ત	મા	રું	જ	છે	મ	ને
કર	જો	ક્ષ	મા	કે	ધ્યા	ન	ત	મા	રું	ર	હ્યું	ન	હીં

લઘુ-ગુરૂ છૂટ :-

લૂંટી=લગા, જીવનમાં=ગાગાલ.

છું=લ, કે=લ.

(૪)

(છંદ : ગાગાં લલ઼ગાગાં લલ઼ગાગાં લલ઼ગાગાં)

એવો કોઈ દિલદાર જગતમાં નજર આવે;
આપી દે મદદ કિંતુ ન લાચાર બનાવે.
શું એને ખબર કોની નજર પ્યાસી રહી ગઈ;
જે ભેજમાં ચાલે અને પાલવ ન ઉઠાવે.
એ સૌથી વધુ ઉચ્ચ તબક્કો છે મિલનનો;
કહેવાનું ઘણું હો ને કશું યાદ ન આવે.
વાતોની કલા લ્યે કોઈ પ્રેમીથી તમારા;
એક વાત કરે એમાં ઘણી વાત છુપાવે.
રડવાની જરૂરત પડે ત્યાં સૂકાં નયન હો;
ને હસતો રહું ત્યાં જ જ્યાં હસવું નહીં આવે.
છે મારી મુસીબતનું ‘મરીઝ’ એક આ કારણ;
હું મુજથી રૂઠેલો છું મને કોણ મનાવે.
- મરીઝ

ગણવિભાજન :-

ગા	ગાં	લ	લ઼	ગા	ગાં	લ	લ઼	ગા	ગાં	લ	લ઼	ગા	ગાં
એ	વો	કો	ઈ	દિલ	દા	ર	જ	ગત	માં	ન	જ	રા	વે
આ	પી	દે	મ	દદ	કિં	તુ	ન	લા	ચા	ર	બ	ના	વે
શું	એ	ને	ખ	બર	કો	ની	ન	જર	પ્યા	સી	ર	હી	ગઈ
જે	ભે	જ	માં	ચા	લે	અ	ને	પા	લવ	ન	ઉ	ઠા	વે
એ	સૌ	થી	વ	ધુ	ઉચ્	ચ	ત	બક્	કો	છે	મિ	લન	નો
કહે	વા	નું	ઘ	ણું	હો	ને	ક	શું	યા	દ	ન	આ	વે
વા	તો	ની	ક	લા	લ્યે	કો	ઈ	પ્રે	મી	થી	ત	મા	રા
એક	વા	ત	ક	રે	એ	માં	ઘ	ણી	વા	ત	છુ	પા	વે
રડ	વા	ની	જ	રૂ	રત	પ	ડે	ત્યાં	સૂ	કાં	ન	યન	હો
ને	હસ	તો	ર	હું	ત્યાં	જ	જ્યાં	હસ	વું	ન	હીં	આ	વે
છે	મા	રી	મુ	સી	બત	નું	મ	રી	ઝે	ક	આ	કા	રણ
હું	મુજ	થી	રૂ	ઠે	લો	છું	મ	ને	કો	ણ	મ	ના	વે

લઘુ-ગુરૂ છૂટ :-

કોઈ=લલ, નજર+આવે=નજરાવે=લલગાગા, દે=લ.

એને=ગાલ, કોની=ગાલ, પ્યાસી=ગાલ, ગઈ=ગા, ભેજમાં=ગાલલ, અને=લલ.

સૌથી=ગાલ, વધુ=લગા, છે=લ, કહેવાનું=ગાગાલ, ને=લ.

વાતોની=ગાગાલ, કોઈ=લલ, પ્રેમીથી=ગાગાલ, એક=ગા, એમાં=ગાલ.

રડવાની=ગાગાલ, પડે=લલ, સૂકાં=ગાલ, હસતો=ગાલ, જ્યાં=લ, નહીં=લલ.

મારી=ગાલ, મુસીબતનું=લગાગાલ, મરીઝ+એક=મરીઝેક=લગાગાલ, આ=લ, મુજથી=ગાલ, રૂઠેલો=લગાગા, છું=લ.

'એક' શબ્દનું લગાત્મક સ્વરૂપ 'ગાલ' થાય છે પરંતુ જરૂર મુજબ 'ગા' સ્વરૂપે પણ પ્રયોજી શકાય છે.

અકારાંત શબ્દ પછીના શબ્દમાં પહેલો અક્ષર સ્વર પ્રયુક્ત થતો હોય તો લઘુ-ગુરુ માપમાં જરૂર અનુસાર બંને શબ્દોને સંયુક્ત રીતે ઉચ્ચારીને પણ છંદ સાચવી લેવામાં આવે છે. 'નજર આવે'નું લગાત્મક સ્વરૂપ 'લગાગાગા' હોવા છતાં 'નજર+આવે=નજરાવે' કરીને 'લલગાગા' સ્વરૂપે પણ પ્રયોજી શકાય છે. 'મરીઝ એક'નું લગાત્મક સ્વરૂપ 'લગાલગાલ' હોવા છતાં 'મરીઝ+એક=મરીઝેક' કરીને 'લગાગાલ' સ્વરૂપે પણ પ્રયોજી શકાય છે.

ગુરુને લઘુ ગણવાની છૂટ ખૂબ વધુ પ્રમાણમાં જોવા મળે છે જ્યારે લઘુને ગુરુ ગણવાની છૂટ ખૂબ ઓછા પ્રમાણમાં જોવા મળે છે.

Uday Shah
(Singer – Music Composer – Poet)
Dadatattu (Sai) Street, Navsari – 396445, Gujarat – India.
(M) +919428882632
Websites :
http://www.udayshahghazal.com/
https://sites.google.com/site/udayshahghazal/
https://sites.google.com/site/udayshahghazals/
https://sites.google.com/site/udayshahxyz/